# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડેશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન: (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


## પરિપત્ર

વિષય: સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના રેગ્યુલર વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ ભરવા તથા NCના વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ તથા પરીક્ષા ફી ભરવા બાબત.

સંદર્ભ: યુનિવર્સિટી દ્વારા તારીખ: ૧૮/૦૮/૨૦૨૧ના રોજ પત્ર ક્રમાંક: ઈ-૧/૨૧૫૪ તથા પત્ર ક્રમાંક: ઈ-૧/૨૧૫૫.

આથી યુનિવર્સિટી સંલગ્ન વિભાગીય વડાશ્રીઓ / કોલેજનાં આચાર્યશ્રીઓને / ઇન્સ્ટીટ્યુટ્સના નિયામકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા તારીખ: ૧૮/૦૮/૨૦૨૧ના રોજ પત્ર ક્રમાંક: ઈ-૧/૨૧૫૪ તથા પત્ર ક્રમાંક: ઈ-૧/૨૧૫૫થી પરીક્ષાનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ હવે પછી આગામી યોજાનાર આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, મેનેજમેન્ટ, એજ્યુકેશન, લૉ અને હોમ સાયન્સ ફેકલ્ટીની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની માર્ચ/એપ્રિલ-૨૦૨૨ની પરીક્ષાઓ માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) સ્નાતક કક્ષાના ચોથા અને છઠ્ઠા તથા આગળના સેમેસ્ટરના જે વિદ્યાર્થીઓની પરીક્ષા ફી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવી છે. તેવા વિદ્યાર્થીઓના યુનિવર્સિટી પોર્ટલ ઉપર માત્ર પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે. પરીક્ષા ફોર્મ ભર્યા બાદ ચલણ જનરેટ કરી તેની સાથે વિદ્યાર્થીનું લીસ્ટ જોડી પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનું રહેશે.

(૨) સ્નાતક કક્ષાના ચોથા અને છઠ્ઠા તથા આગળના સેમેસ્ટરના NCના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી પોર્ટલ ઉપર ભર્યા બાદ ચલણ જનરેટ કરી તેની લાગુ પડતી પરીક્ષા ફી સાથે વિદ્યાર્થીઓનું લીસ્ટ જોડી ચલણમાં દર્શાવેલ રકમ પરીક્ષા વિભાગમાં ચકાસણી કરાવ્યા બાદ યુનિવર્સિટીના હિસાબી (Account) વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૩) સ્નાતક કક્ષાના પ્રથમ સેમેસ્ટરના પરીણામ જાહેર થયા બાદ બીજા સેમેસ્ટરના રેગ્યુલર અને NCના પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ યુનિવર્સિટી દ્વારા હવે પછી જાહેર કરવામાં આવશે.

(૪) અનુસ્નાતક કક્ષાના ચોથા તથા આગળના સેમેસ્ટરના જે વિદ્યાર્થીઓની પરીક્ષા ફી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવી છે. તેવા વિદ્યાર્થીઓના યુનિવર્સિટી પોર્ટલ ઉપર માત્ર પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે. પરીક્ષા ફોર્મ ભર્યા બાદ ચલણ જનરેટ કરી તેની સાથે વિદ્યાર્થીનું લીસ્ટ જોડી પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનું રહેશે.

(૫) અનુસ્નાતક કક્ષાના ત્રીજા અને ચોથા સેમેસ્ટરના NCના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી પોર્ટલ ઉપર ભર્યા બાદ ચલણ જનરેટ કરી લાગુ પડતી પરીક્ષા ફી સાથે સાથે વિદ્યાર્થીઓનું લીસ્ટ જોડી ચલણમાં દર્શાવેલ રકમ પરીક્ષા વિભાગમાં ચકાસણી કરાવ્યા બાદ યુનિવર્સિટીના હિસાબી (Account) વિભાગમાં જમા કરાવવાની રહેશે.

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડિશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન: (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu

(૬) અનુસ્નાતક કક્ષાના પ્રથમ સેમેસ્ટરના પરીણામ જાહેર થયા બાદ પ્રથમ સેમેસ્ટરના NC અને બીજા સેમેસ્ટરના રેગ્યુલર તથા NCના પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ યુનિવર્સિટી દ્વારા હવે પછી જાહેર કરવામાં આવશે.

| Exam Date | Last date for submitting Exam Form in the Department / College by Students (Online & Others) | Last date for submitting Exam Form in the University by Department / College (Online & Others) | Penalties | | No form will be Accepted from |
|---|---|---|---|---|---|
| | | | Rs. 500/- | Rs. 1,500/- | |
| 04/04/2022 | 28/02/2022 | 03/03/2022 | 04/03/2022 To 11/03/2022 | 14/03/2022 To 19/03/2022 | 21/03/2022 |

**નોંધ: યુનિવર્સિટી પોર્ટલ તારીખ: ૦૩/૦૩/૨૦૨૨ સુધી ખુલ્લુ રાખવામાં આવશે. ત્યારબાદ યુનિવર્સિટી પોર્ટલ બંધ થઈ જશે. જેની ખાસ નોંધ લેવી.**

નંબર: ઈ-૩/૪૭૩૭
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ૨૫/૦૧/૨૦૨૨
૨૭

કાર્યકારી કુલસચિવશ્રી

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

(૨) યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ / કોલેજનાં આચાર્યશ્રીઓને / ઇન્સ્ટીટ્યુટ્સના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.